Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT | EKLપંચકર્મ
ઉપનાહ સ્વેદન | પટ્ટબંધન
લેપન | અગ્નિકર્મ
વેધાગ્નિકર્મ | ક્ષારકર્મ
પંચકર્મ | વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ છઠ બુધવાર ૮ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪૦

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦

## વૈશ્વિક બજારમાં કડાકો, ક્રૂડ ઓઈલ $116 ને પાર

**ન્યૂયોર્ક, તા. 7 (એપી):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનના પાવર પ્લાન્ટ્સ અને પુલોને નષ્ટ કરવા માટે આપવામાં આવેલી ડેડલાઈન નજીક આવતા વૈશ્વિક બજારમાં ભારે અફરાતફરી જોવા મળી રહી છે. ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ઈરાન હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ) ખોલવાની શરત નહીં માને, તો આજે રાત્રે 'આખી સભ્યતાનો અંત આવશે'. આ શરત પૂરી કરવા માટે ટ્રમ્પે ભારતીય સમય મુજબ બુધવારની સવારે 5.30 વાગ્યાની ડેડલાઈન આપી છે. આ તણાવના પગલે મંગળવારે અમેરિકી શેરબજારમાં કડાકો બોલાયો છે, જ્યારે તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. વોલ સ્ટ્રીટ પર એસ એન્ડ પી 500 ઇન્ડેક્સ 0.7 ટકા અને ડાઉ જોન્સ 210 પોઈન્ટ્સ ગગડ્યા છે. તેલના ભાવની વાત કરીએ તો, અમેરિકી ક્રૂડ 3.9 ટકા વધીને 116.83 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યું છે, જ્યારે બ્રેન્ટ ક્રૂડ 110.55 ડોલર પર ટ્રેડ થઈ રહ્યું છે. યુદ્ધને કારણે પર્શિયન ગલ્ફમાંથી તેલનું પરિવહન ખોરવાતા અને ઈરાને હોર્મુઝનો માર્ગ રોકતા પુરવઠાની ગંભીર કટોકટી સર્જાઈ છે. બજારને ડર છે કે જો આ સ્થિતિ લાંબો સમય ચાલશે, તો મોંઘવારીનું મોજું વૈશ્વિક અર્થતંત્રને હચમચાવી દેશે.

...અનુસંધાન પાના 5 પર

CBC 22201/13/0004/2627


હવે નેતૃત્વની વારી છે,
નારી શક્તિ વંદનની
જવાબદારી છે
જન ધન ખાતાથી અમે 32 કરોડથી વધુ મહિલાઓ થઈ સશક્ત
રૂ. 47,000 કરોડથી વધુની સ્ટેન્ડ-અપ ઇન્ડિયા લોનથી અમારા સપનાઓને મળ્યું બળ
અમે 10 કરોડથી વધુ મહિલાઓ, 90 લાખથી વધુ સ્વ-સહાય જૂથો (SHG)માં જોડાઈને થઈ રહી છે આત્મનિર્ભર

### આખી સંસ્કૃતિ આજે રાત્રે નાશ પામશે: ટ્રમ્પની ઇરાનને ધમકી

# ઈરાન માટે આજે કયામતનો દિવસ?



**ભારતીય** સમય મુજબ આજે મળસ્કે 5:30 કલાકે ટ્રમ્પની મહેતલ સમાપ્ત થાય છે

**ડેડલાઇન** પુરી થતા સુધીમાં ઇરાન હોર્મુઝનો માર્ગ નહીં ખોલે તો ઇરાનના પાવર પ્લાન્ટ્સ અને પુલોનો નાશ કરવાની ચિમકી

**ઇરાનના** પ્રમુખે કહ્યું ''મારા સહિત ૧૪૦ લાખ લોકો સ્વયંસેવક તરીકે લડવા તૈયાર''

**પાવર** પ્લાન્ટો નજીક માનવ સાંકળો રચવા લોકોને ઇરાની અધિકારીઓની વિનંતી

**ઇઝરાયેલ** અને સાઉદી અરેબિયા પર ઇરાનના હુમલા

**તેહરાન, તા. ૭(એપી):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે ચેતવણી આપી હતી કે જો ઈરાન કરાર માટેની તેમની નવીનતમ સમયમર્યાદા પૂરી નહીં કરે, તો આખી સંસ્કૃતિ આજે રાત્રે મરી જશે. આ પ્રસ્તાવિત કરારમાં અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની સામુદ્રધુનીને ફરીથી ખોલવાની શરતનો સમાવેશ થાય છે.

આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ઈરાનમાં બે પુલ અને એક રેલ્વે સ્ટેશન પર હવાઈ હુમલા થયા હતા, અને ઈરાની અધિકારીઓએ યુવાનોને પાવર

...અનુસંધાન પાના 5 પર

### અમેરિકાએ ફરી ખર્ગ આઈલેન્ડ પર હુમલો કર્યો, ઈરાનના બે પુલ ઉડાવ્યા

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ડેડલાઈન પૂરી થવાને હવે ગણતરીના કલાકો જ બાકી છે ત્યારે અમેરિકાએ ઈરાનના વ્યૂહાત્મક ઓઈલ હબ ગણાતા ખાર્ગ આઈલેન્ડ પર 50 સૈન્ય લક્ષ્યાંકો પર ભીષણ હુમલા કર્યા છે. ઈરાનની મહેર ન્યૂઝ એજન્સી અને વોલ સ્ટ્રીટ જર્નલ અનુસાર, આ હુમલા મંગળવારે ટ્રમ્પની યુદ્ધવિરામ માટેની અંતિમ મુદત (ભારતીય સમય મુજબ બુધવારે સવારે 5:30 વાગ્યે) પહેલા કરવામાં આવ્યા છે. વ્હાઈટ હાઉસના સૂત્રો મુજબ, આ હુમલામાં જાણી જોઈને તેલના ટર્મિનલ કે રિફાઈનરીને નુકસાન પહોંચાડવામાં આવ્યું નથી. માત્ર સૈન્ય મથકો પર જ હુમલા કરાયા

...અનુસંધાન પાના 5 પર

### તેહરાને અમેરિકા સાથે મંત્રણાના તમામ દરવાજા બંધ કરી દીધા

ટ્રમ્પ દ્વારા ઈરાનને હોર્મુઝની સામુદ્રધુની ખોલવા માટે આપવામાં આવેલી સમયસીમાના ગણતરીના કલાકો પહેલા જ તેહરાને મંત્રણાના તમામ દરવાજા બંધ કરી દીધા છે. ઈરાની મીડિયા આઉટલેટ 'તેહરાન ટાઈમ્સ' દ્વારા મંગળવારે અહેવાલ આપવામાં આવ્યો હતો કે, ઈરાને અમેરિકા સાથેની તમામ રાજદ્વારી અને પરોક્ષ સંપર્ક લાઈનો સ્થગિત કરી દીધી

...અનુસંધાન પાના 5 પર

### ડેડલાઈનનું ગણિત: 48 કલાકથી 408 કલાક સુધીની સફર

ટ્રમ્પ તેમની આક્રમક ભાષણબાજી માટે જાણીતા છે, પરંતુ આ વિવાદમાં તેઓ પોતાની ડેડલાઈન લંબાવતા રહ્યા છે:

- **પ્રથમ અલ્ટીમેટમ (21 માર્ચ):** ટ્રમ્પે ઈરાનને 48 કલાકમાં હોર્મુઝ સામુદ્રધુની ખોલવા કહ્યું હતું.
- **પ્રથમ લંબાવી (23 માર્ચ):** ડેડલાઈન પૂરી થવાના 12 કલાક પહેલા ટ્રમ્પે 'સારી વાતચીત'નું બહાનું ધરીને 5 દિવસનો સમય વધાર્યો.
- **બીજી વાર લંબાવી (26 માર્ચ):** આ ડેડલાઈન ફરીથી 10 દિવસ માટે લંબાવીને 6 એપ્રિલ કરવામાં આવી.
- **ત્રીજી લંબાવી :** રવિવારે ટ્રમ્પે ફરીથી સમય વધારીને 7 એપ્રિલ, રાત્રે 8 વાગ્યા (અમેરિકી સમય)ની અંતિમ ડેડલાઈન નક્કી કરી. આમ, મૂળ 48 કલાકની સમયસીમા વધીને હવે 408 કલાક થઈ ગઈ છે.



## દિલ્હી ડાયરી

### અખિલેશ યાદવનો સામાજિક સમરસતાનો નવો પ્રયોગ

માત્ર ઈદ મિલન અને 'ઈફતાર' કાર્યક્રમોમાં હાજરી આપવા અને હોળી મિલનના કાર્યક્રમોની કથિત ઉપેક્ષા કરવા બદલ રાજકીય વિરોધીઓના નિશાના પર આવેલા સમાજવાદી પાર્ટીના વડા અને લોકસભા સાંસદ અખિલેશ યાદવે ટીકાકારોને શાંત કરવા માટે એક નવો દાવ ખેલ્યો. તેમને જડબાતોડ જવાબ આપવા માટે યાદવે લખનઉમાં પાર્ટીના મુખ્યાલય પર અને ત્યાર બાદ દિલ્હીમાં પણ 'ગુજિયા-સેવૈયા' (જે હોળી અને ઈદનું પ્રતીક છે) સામાજિક સમરસતા ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ એક સાંસ્કૃતિક ઉત્સવમાં ફેરવાઈ ગયો હતો જેમાં લોકગીતો અને 'કવાલી'ના જીવંત પ્રદર્શન થયા હતા. જોકે, સ્ક્રીન પર ચાલતા વીડિયોમાં પણ યાદવના ગુણગાન ગાવામાં આવ્યા હતા. હોળી અને ઈદની શુભેચ્છાઓની આપ-લે કરવા ઉપરાંત, કલાકારોએ તેમને ૨૦૨૭માં ઉત્તર પ્રદેશમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં મુખ્યમંત્રી બનવા માટેની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આ પ્રસંગમાં મીઠાશ ઉમેરવા અને માત્ર પ્રતીકવાદથી આગળ વધવા માટે મહેમાનોને 'ગુજિયા', 'સેવૈયા', 'છોલે-ભટુરે' અને 'બાટી-ચોખા' પીરસવામાં આવ્યા હતા. રાજકીય રીતે અત્યંત મહત્વના ઉત્તર પ્રદેશમાં હવે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, જે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં ખૂબ જ નિર્ણાયક માનવામાં આવે છે, ત્યારે આવા દાવપેચ હવે

...અનુસંધાન પાના 5 પર

તા. ૦૭-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૮° સે. | ૨૪.૭° સે. | ૭૦% |

## મણિપુર ફરી સળગ્યું

# બોમ્બ હુમલામાં બે બાળકોનાં મોત પછી ભારે તનાવ






**બિષ્ણુપુર** જિલ્લામાં એક ઘર પર બોમ્બ ફેંકાયો, બાળકોની માતા ઇજાગ્રસ્ત, બાળકોનો પિતા કેન્દ્રીય સુરક્ષા દળમાં છે

**આ હુમલા** પછી સ્થાનિકોમાં ભારે રોષ, અનેક સ્થળે વિરોધ પ્રદર્શનો, વાહનોને આગ ચંપાઇ

**પાંચ** જિલ્લામાં ઇન્ટરનેટ બંધ, બિષ્ણુપુરમાં કર્ફ્યુ

**ઈમ્ફાલ, તા. 7:** મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં મંગળવારે થયેલા બોમ્બ હુમલામાં બે બાળકોનાં મોત થયા હતા અને તેમની માતા ઘાયલ થઈ હતી, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા, તેમ પોલીસે જણાવ્યું હતું.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા પ્રમાણે આ ઘટના સોમવાર-મંગળવારની મધરાત પછી રાત્રે લગભગ 1 વાગ્યે બની હતી જ્યારે મોઈરાંગ ત્રોંગલાઓબી વિસ્તારમાં શંકાસ્પદ ઉગ્રવાદીઓ દ્વારા એક ઘર પર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. આ હુમલામાં 5 વર્ષનો છોકરો અને છ મહિનાની બાળકીનું મોત નીપજ્યું હતું. આ હુમલામાં આ બાળકોની માતા ઇજાગ્રસ્ત થઇ હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, જ્યારે ઘરમાં બોમ્બ વિસ્ફોટ થયો ત્યારે બંને

...અનુસંધાન પાના 5 પર

### CRPF કેમ્પ પર ટોળાનો હુમલો: ગોળીબારમાં બેનાં મોત

**ઈમ્ફાલ, તા. 7(PTI):** મણિપુરના ગૃહમંત્રી ગોવિંદાસ કોન્થૌજમે મંગળવારે જણાવ્યું હતું કે, બિષ્ણુપુર જિલ્લામાં એક ઉશ્કેરાયેલા ટોળાએ CRPF કેમ્પ પર હુમલો કર્યા બાદ થયેલા ફાયરિંગમાં બે વ્યક્તિઓનાં મોત થયા છે અને અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે. મંત્રીએ વધુમાં જણાવ્યું કે, પ્રદર્શનકારીઓએ બોમ્બ હુમલાના સ્થળથી થોડાક જ સો મીટર દૂર ગેલમોલ નજીક આવેલા CRPF કેમ્પ પર હુમલો કર્યો હતો અને ત્યાં વાહનોને આગ ચાંપી દીધી હતી તેમજ મિલકતોની તોડફોડ કરી હતી. રાજ્યના ગૃહમંત્રીએ કહ્યું, તેમણે CRPF કેમ્પ પર હુમલો કર્યો, વાહનો સળગાવ્યા અને કેમ્પના ભાગોમાં તોડફોડ કરી, જેના કારણે સુરક્ષા કર્મચારીઓ દ્વારા

...અનુસંધાન પાના 5 પર

## ઈરાનીઓએ પાવર પ્લાન્ટ્સ પર માનવ સાંકળ બનાવવાની શરૂ કરી દીધું

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ વચ્ચે, ઈરાનના નાગરિકોએ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના રક્ષણના પ્રતીકાત્મક પ્રયાસરૂપે મુખ્ય પાવર પ્લાન્ટ્સની આસપાસ માનવ સાંકળો બનાવવાનું શરૂ કર્યું છે. દેશના ઉર્જા મથકોને નિશાન બનાવીને અમેરિકા દ્વારા સંભવિત હુમલાની નવી



ચેતવણીઓ બાદ આ પહેલ જનતાની વધતી ચિંતા દર્શાવે છે. ઈરાની

...અનુસંધાન પાના 5 પર

## ઉત્તર ભારતમાં પશ્ચિમી વિક્ષેપનો કહેર

**પંજાબ**, હરિયાણા અને દિલ્હીમાં વરસાદી માહોલ; પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન અને હિમપ્રપાતથી જનજીવન પ્રભાવિત

**ચંદીગઢ/દિલ્હી, તા. 7 (PTI):** સક્રિય પશ્ચિમી વિક્ષેપના કારણે મંગળવારે ફરીથી ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ ભારતના ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસાવ્યો હતો, જેના કારણે અનેક સ્થળોએ દિવસના તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો, જ્યારે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના કેટલાક જિલ્લાઓમાં ભૂસ્ખલન અને હિમપ્રપાત થયા હતા. પંજાબ અને હરિયાણાની સંયુક્ત રાજધાની ચંદીગઢમાં દિવસ દરમિયાન હળવાં ઝાપટાં પડ્યાં હતાં.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) અનુસાર, અહીં મહત્તમ તાપમાન 27.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય મર્યાદા કરતાં પાંચ ડિગ્રીથી વધુ ઓછું હતું. બે પડોશી રાજ્યોમાં હરિયાણાના અંબાલા, પંચકુલા, નારૌલ, રોહતક અને પંજાબના અમૃતસર, રૂપનગર,

...અનુસંધાન પાના 5 પર

## ઈરાનમાં વસતા ભારતીયો માટે 'હાઈ એલર્ટ

**ભારતીયોને** 'જ્યાં છો ત્યાં જ રહો' નો આદેશ; 48 કલાક ઘરમાં રહેવા ખાસ સૂચના

**નવી દિલ્હી, તા. 7 (પીટીઆઈ):** ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા તણાવને પગલે ભારત સરકારે ત્યાં વસતા પોતાના નાગરિકો માટે અત્યંત તાકીદની એડવાઈઝરી (માર્ગદર્શિકા) બહાર પાડી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને આપવામાં આવેલી ડેડલાઈન પૂર્ણ થવાને આરે છે, ત્યારે તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે ભારતીયોને આગામી 48 કલાક સુધી 'જ્યાં છો ત્યાં જ રહો' તેવો આદેશ આપ્યો છે.

ભારતીય દૂતાવાસે નાગરિકોને ઘરમાં જ રહેવા અને સૈન્ય મથકો, પાવર ગ્રીડ તેમજ બહુમાળી ઈમારતોના ઉપરના માળ પર જવાનું ટાળવા ખાસ તાકીદ કરી છે. હાઈવે પરની કોઈપણ અવરજવર માટે દૂતાવાસ સાથે સંકલન સાધવા જણાવાયું છે. ખાસ કરીને જે ભારતીયો દૂતાવાસ દ્વારા નક્કી કરાયેલી હોટલોમાં રોકાયા છે, તેમને અંદર જ રહેવા અને ઓન-સાઈટ ટીમ સાથે સંપર્કમાં રહેવા સૂચના અપાઈ છે. સંઘર્ષની શરૂઆતમાં

...અનુસંધાન પાના 5 પર

### કુદરતના પ્રકોપરૂપે કમોસમી વરસાદે ખેડૂતોની કમર તોડી

# ગુજરાતમાં ભરઉનાળે ૩૭ તાલુકામાં તોફાની માવઠું

**અરવલ્લી**, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને ભાવનગર સહિતના વિસ્તારોમાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદ પડ્યો

**ગાંધીનગર:** ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વાતાવરણમાં આવેલા અચાનક પલટાએ સમગ્ર રાજ્યમાં હાહાકાર મચાવ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના સરેરાશ ૩૭ તાલુકામાં હળવાથી ભારે વરસાદ નોંધાયો છે. અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને ભાવનગર સહિતના વિસ્તારોમાં ગાજવીજ અને તેજ પવન સાથે ત્રાટકેલા આ માવઠાએ ખેડૂતોની કમર તોડી નાખી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આવતીકાલ તા. 8 એપ્રિલ

...અનુસંધાન પાના 5 પર

### ઉત્તર ગુજરાતમાં કરા સાથે માવઠું

મહેસાણા, વિસનગર, બહુચરાજી અને પાટણના ચાણસ્મા પંથકમાં કરા અને ૩૦ થી ૪૦ કિમીની ઝડપે ફૂંકાયેલા પવન સાથે વરસાદ વરસ્યો હતો. પાટણમાં કાળાડિબાંગ વાદળો વચ્ચે ધોધમાર વરસાદથી જનજીવન પ્રભાવિત થયું હતું.